





દેશમાં એક પછી એક રાજ્યો સર કરે છે,
હવે કબ્જો વિદેશી સંગઠ્ઠનો પર કરે છે,
દર છે ઉંડા ચીન-પાકિસ્તાનનાં, સાચવજો!
એ બન્ને, બગલમાં છૂરી રાખી માર કરે છે..




ગુજરાતની
રાજકારણીઓ એ
પત્તર ફાડી..
(નિકાસ નો સાચો અર્થ)

નિષેધ છતાં,
થાય છે હેરાફેરી -
દારુ-ગૌમાંસ..
(કાયદા માં વ્યવસ્થા)

## ચિંતન

**પરિતોષયિતા ન કશ્ચન સ્વગતો યસ્ય ગુણો અસ્તિ દેહિનઃ ।**
**પરદોષ કથાભિરલ્પકઃ સ્વજનં તોષયિતું કિલેચ્છતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના 'દુર્જનનિંદા' નામના બીજા અધ્યાયમાંથી આ શ્લોક છે :

પોતે બીજાને સંતોષ આપી - પ્રસન્ન કરી શકે એવા સદ્‌ગુણો તો દુર્જનમાં હોતા નથી એટલે તે હલકો-દુષ્ટ સ્વભાવનો માણસ બીજાના દોષોની (સાચી-ખોટી, મીઠાં-મરચાં ઉમેરી) કથા પોતાના સ્નેહી-સંબંધી પાસે કર્યા કરીને એમનું મનોરંજન કરી તેમને સંતોષ આપવાનો પ્રયત્ન કરે છે.'

ખરેખર સજ્જન પરોપકારી હોય છે, કોઇને કોઇ પણ બાબતમાં સહાયરૂપ થવું એ જ સજ્જનનો સ્વભાવ હોય છે અને એને કારણે તેની આસપાસનાં અને સંપર્કમાં આવતાં લોકો તેના સ્વભાવ અને કાર્યોથી પ્રસન્ન રહે છે. એમને જોવા માત્રથી આનંદ મળે છે.

દુર્જન - દુષ્ટ લોકોમાં આવા સદ્‌ગુણ કે પરોપકારની ભાવના તો હોતી નથી તેથી લોકોને ખૂશ કરવા એ ગેરહાજર લોકો-સંબંધી-મિત્રોની ટીકા-નિંકા-ખોદણી કરી સાંભળનારનું મનોરંજન કરે છે. લોકો એવા દુષ્ટનો સ્વભાવ જાણતા જ હોય છે તેથી માત્ર વિનોદ-મનોરંજન માટે જ તેનો ઉપયોગ કરે છે.

## સુવિચાર

- સમુદ્ર મંથનમાં અતિ મૂલ્યવાન રત્નો મળ્યાં છતાં દેવતાઓ સંતુષ્ટ ન થયા, ભયંકર ઝેર મળવાથી પણ ડરી ન ગયા, જયાં સુધી અમૃત ન મળ્યું ત્યાં સુધી રોકાયા વગર કામ કરતા રહ્યા. એવી રીતે ધીરજવાન માણસ નક્કી કરેલા ધ્યેયથી કયારેય પીછેહઠ કરતાં નથી **- ઉપનિષદ**
- આપણી જીવનરૂપી હોડી સાથે બાંધેલા ક્રોધ, અહંકાર જેવા દોરડા છોડ્યા જ નથી અને હલેસા માર્યા કરીએ છીએ એમાં પાછો આપણા માનસન્માનનો હલકો નશો.. પછી સુખ-શાંતિના પ્રદેશમાં આપણી હોડી કયાંથી પહોંચે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- રોજના સેંકડો દુઃખકારક અને ભયકારક વિચારો અજ્ઞાની માણસને વિચલિત કરી શકે.. જ્ઞાનીને એની અસર ન થાય **- જનકલ્યાણ**
- રૂપિયાની ચકાચોંધ રોશનીથી આંધળી બનેલી આંખ જોવા છતાં કંઇ જોતી નથી... આવી આંખોને નિર્મળ બનાવવા માટે ગરીબાઇ પરમ ઔષધિ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- લોકોને ધર્મ (સારા કાર્યો)નું ફળ જોઇએ છે, પણ ધર્મનું આચરણ નથી કરવું.. પાપ (ખરાબ કર્મ)નું ફળ નથી જોઇતું પરંતુ નિશ્ચિત થઇને પાપ આચરણ કરવું છે **- માનસ સૂત્ર**
- 'સ્વ'ને જાણ્યા વગર જગત જાણવાનો દાવો કરવો એ તો સૌથી મોટી ભૂલ છે **- એન્ટોન ચેખોવ**
- જીવનનું સુખ આપણા જ વિચારો પર આધારિત છે **- ઝેનકથન**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંતોની કરૂણા દૃષ્ટિ અને કૃપા અપરંપાર હોય છે સામાન્ય માણસની કૃતજ્ઞતાનો વિચાર કર્યા વિના પણ સંતો આશીર્વાદ વરસાવતા જ રહે છે.

સ્વામી નારાયણના નિજાનંદ છતાં પહોંચેલા માયાળુ સંત યોગીજી મહારાજ પાસે એક સંસારી સ્વાર્થી પિતા આવ્યો. એનો મંદબુદ્ધિ પુત્ર ખાતો ખૂબ હતો તગડો થતો જતો પણ તદ્દન મંદબુદ્ધિ - માતા-પિતા આ તરૂણ છોકરાની સેવા અને સારવાર, ખાધા ખોરાકીના ખર્ચથી થોડા સમયમાં જ થાકી ગયાં. કોઇએ એને સલાહ આપી 'સ્વામિ નારાયણનો સાધુ બનાવી દો -' ભલે કોઇએ ટિખળ કરી હોય પણ છોકરો ભાગ્યશાળી.

યોગીજી મહારાજ ત્યારે આણંદમાં જ હતા. પિતા પુત્ર-બાળકને લઇને મંદિર ગયા. બાળકને સોંપી દેવાની વાત કરી. યોગીજીએ છોકરાના સ્વીકાર કર્યો. દિક્ષા આપી. પુત્રને પાસે જ રાખતા. ત્રણ માસમાં પેલાની ચરબી તો ચાલી ગઇ અને સમજશક્તિનો વિકાસ થયો. નમ્ર-વિવેક આવ્યા. છોકરો ડાહ્યો થઇ ગયો.

માતા-પિતા, પાછાં યોગીજી પાસે આવ્યા અને પુત્ર પાછો માગ્યો. યોગીજી કહે લઇ જાવ!

પરંતુ પુત્ર યોગીજીના પગ પકડી ખૂબ રડ્યો... અને સાધુ જીવન જ પસંદ કર્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# એકરે કયારીમાં દોનો મ્હોરિયાં... પરંપરાગત લોકકલાનાં વારસાને ઉજાગર કરતાં ભાઇ-બહેને કરાવેલ વ્યક્તિની રસલ્હાણનું સંપાદન

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ભક્ત પરંપરામાં નરસિંહ કે મીરાનાં ભજનોથી સમૃદ્ધ ભક્તિગીતો તંબુરનાં તાર પર ગવાતાં તે સાથે સાથે ગામના ચોરે ભજવાતાં નાટકો કે ભવાઇ કલાના કલાકારો દ્વારા પણ ગવાતાં કારણ કે ભજન એ આપણું પરંપરાથી ચાલ્યું આવતું લોકભોગ્ય અભિવ્યક્તિ રૂપ છે. આપણા સંતો, સાધકોએ અને ભજનપ્રેમીઓએ તેને ખૂબ ખેડ્યું છે. ભજન અને દર્શન, અનુભવ અને ભક્તિની દશાનો નિચોડ છે. આ ભજનને છાંયે તપ્ત જગતને વિસામો મળે છે. ભજને સૂતેલાંને જગાડ્યો છે અને માર્ગ ભૂલેલાંને જીવનના મારગ બનાવ્યા છે. યુગો યુગોથી ભજન માનવ જીવનને પ્રેરણાના પિયુષ પાતું આવ્યું છે. આપણાં ચિંતકોએ ભજનને આત્માનો ખોરાક કર્યો છે. શરીરનું પોષણ ભોજન થકી થાય છે તો આત્માનું પોષણ ભજન થકી થયું છે. તેથી જ આપણે ત્યાં ભજન અને ભોજનનો બેઉનો મહિમા થયેલો છે. 'રવિ ભાણ સંપ્રદાય' આ સંત મોરાર સાહેબે 'ભજન ભરોંસે નર નિરભે હુઆ એને કરમ ન લાગે કાળ' એવી અમરત્વની પ્રતિતી ગાઇ છે અને જલારામ દ્વારા 'ટૂકડો ત્યાં હરિ ઠૂંકડો' એવી દરિદ્રનારાયાણની સેવા પ્રતીતિ પણ ગવાઇ છે. સમયે સમયે દેશકાળ મુજબ પોતપોતાની શ્રદ્ધા, ભક્તિ મુજબ ભજન સર્જન અને ભજન ગાન થતું આવ્યું છે.

આજે મારે તમને આવી જ એક ભાવભીની 'ભજનાવલી' ના સંપાદિત પુસ્તકની વાત કરવી છે. જૂની રંગભૂમિની લોક પરંપરાને પચાવી રહેલાં, છેવાડે રહીને પણ લોકસંગીત અને સંસ્કૃતિને આત્મસાત કરીને જીવેલાં ભાઇ-બહેનની રચનાઓને બહુજન સમાજ સુધી પહોંચાડવા અને તે જળવાઇ રહે તેવા ઉમદા આશયથી સંપાદકે આ કાર્ય કર્યું છે. તેમાં સોનામાં સુગંધ ભળે તેવી સુંદર પ્રસ્તાવના કવિ દલપત પઢિયાર દ્વારા પ્રાપ્ત થઇ છે. જેણે આ ભજનાવલીના મૂલ્યને અનેગ ગણું વધારી દીધું છે.




'ભાઇબહેનની ભજનાવલી' પુસ્તકમાંથી પસાર થતાં કુલ-૨૧ રચનાો આપણને મળ છે. આ રચનાઓને ભજન તરીકે ઓળખવામાં પરંપરાગત દૃષ્ટિ ભાવના અને સમજ રહેલાં જણાય છે. આપણા સંતોએ આપેલાં ભજનોનાં સ્વરૂપ, રચનારીતિ અને છાપથી આપણે સજાગ છી. તે સાથે આવી કંઇક અલગ લાગતી ભજનનાં કુળમાં સમાતી રચનાઓની આધુનિક રીતિ પણ અજાણ નથી. દેશકાળ મુજબ ગામડાઓમાં પોતપોતાના ધંધા વ્યવસાય, કલા પ્રવૃત્તિઓ સાથે અને નાના મોટા ભક્તો દ્વારા આ પ્રકારનું રચનાઓનું સર્જન થતું આવેલું છે.

આ 'ભજનાવલી' માં પ્રાર્થના પ્રકારની રચનાઓ છે અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધા ભક્તિની રચનાઓ પણ છે. જીવનમાં સુખ-દુઃખ, હરખ શોકના અનુભવને વ્યક્ત કરતી રચનાઓ છે. દેહના નાશવંત પણાને સૂચવતી અને મોંઘા માનવ જીવનને સાર્થક કરી લેવા અંગેની બોધ પ્રકારની રચનાઓ પણ છે. તેમાંથી થોડીક ભજનની પંક્તિઓ જોઇએ.

"કિરતાર તારી કેલી લીલા, પામે ના પાર કોઇ,
કોઇ સિંહાસન સાજે, કોઇ રખડતા આજે
કોઇની કિંમત લાખે, કોઇ કોડીના ભાસે,
સર્વજનોમાં એ જ રહેતો, કેવી આ ઘટમાળ,
પામે ના કોઇ પાર..."

તો બીજા એક ભજનમાં આમ કહ્યું છે.

"અનુભવ વિના ઉલટું જાણે,
એ દુનિયાનો ધારો રે...
સત્ય નિરખવા સૌને આપી,
સરજનહારે આંખો રે..."

ભજનમાં વર્ષાગીત પણ મળે છે જેમ કે -

"આવે આવે આવે ને હાલી જાય
વાદળી આવે આવે ને હાલી જાય."

સામાન્ય રીતે ભજનના રાગ ઢાળ પારંપરીક ઢબના અને પ્રોચીન હોય છે. પણ આ ભજન રચનાઓના રાગ ઢાળ ફિલ્મના ગીતોના રાગ ઢાળ પ્રમાણેના છે. દરેક રચનાને મથાળે જે તે ફિલ્મના ગીતની પંક્તિ રાગ ઢાળ માટે સૂચવેલી છે. તેમાં રંગભૂમિ અને તખ્તાના લોક માટે તથા પ્રસ્તુતિ માટે આ બધા ઘટકોનો આવકાર અને ઉમેરો સહજ લાગે કેમ કે અહીં ઘણી રચનાઓ હિન્દીમાં પણ છે. આ હિન્દી રચનાઓ જોતાં હિન્દી ભાષામાં પણ આવી ઓગળેલી, ભાવ અને ભાષાનું એકત્વ પામેલી રચનાઓ મળે તે આનંદ સાથે આશ્ચર્ય આપનારી ઘટના છે. આ તખ્તાના માણસો છે અને તખ્તો સીધેસીધો લોક સમુદાય સાથે બંધાયેલો છે. એટલે તખ્તા સાથે નિસબત બાંધીને જીવનારાં અને પ્રસ્તુતિ કરનારાં માટે ભાષા ઉપરાંત બીજા અનેક ઘટકોના સમાસનું વલણ સ્વાભાવિક હોય એમાં કેવળ એક પ્રદેશ, પ્રાંત, ભાષા જ નહીં, સમગ્ર સંસ્કૃતિ ધબકતી હોય છે.

'ભાઇ-બહેનની આ ભજનાવલી' ની રચનાઓ તેની સરળતા, સહજતા અને પ્રવાહિતા લઇને આસ્વાદ્ય બની રહેલી છે. તેમાં કયાંક કૃતકતા પ્રવેશી નથી. એ તેનું જમા પાસું છે. બંને રચનાકારોએ પરંપરાગત લોક કલાવારસાને ગળથૂથીમાં પીધો છે. અને નિરંતર ઝીલ્યો છે. તેથી રચનાઓ તેના બંધારણ લય, ગાન વગેરેની રીતે ઘડાયેલી છે. એમાં ઘુંટાયેલું ગીત અને સંગીતનું તત્ત્વ પણ રસમય છે. મુખ્યતઃ આવી રચનાઓ ગાયેલી, ગવાયેલી કે ગાવા માટેની રચનાઓ છે. આથી એનું એકંદરે સમગ્ર પોત ભાવભીનું, સુસંવાદી મધુર અને આસ્વાદ્ય છે. ભાળકોને, વાંચકેને આ ભક્તિ રચનાઓ ભાવભક્તિ અને ભજનના આનંદમાં સહભાગી બનાવશે. તેવી અપેક્ષા જન્માવે છે.

'ભજનાવલી' સંગ્રહની આ રચનાઓના રચયિતા બચુભાઇ મીર અને ગુલબા છે. એ જૂની રંગભૂમિના જાણીતા ગીતકાર અને નાટ્યકાર બલ્લુભાઈ મીરનાં સંતાનો છે. આ રચનાઓનું સંકલન અને સંપાદન શિક્ષક બેલડી ભીખુ કવિ અને મેહુલ કવિ દ્વારા કરવામાં આવ્યું છે. વિસરાતા જતા આપણા સાંસ્કૃતિક વારસાને નવા સ્વરૂપે પુસ્તકરૂપે ઉપલબ્ધ કરાવવા બદલ સંપાદકો અભિનંદનના અધિકારી છે.

**'ભાઇ-બહેનની ભજનાવલી'**
**સંપાદક - ભીખુ કવિ, મેહુલ કવિ**
**પ્રકાશક - સરોજબેન ભીખુભાઇ કવિ**
**મુ.પો. કડિયાદરા, તા. ઇડર. જિ. સાબરકાંઠા**
**કિંમત - રૂા. ૫૦/-**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩**

# આપઘાતનો પ્રયત્ન કરનારી વ્યક્તિને જો હૂંફ અને પ્રેમ આપવામાં આવે અને તેની સાથે ચર્ચા કરીને તેના મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવામાં આવે તો તે ચોક્કસપણે એક નોર્મલ વ્યક્તિ બની જાય છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

લાગણીનો અતિરેક ક્યારેક અનર્થ સર્જે છે. એટલા માટે જ આપણે આપણી લાગણીઓને નિયંત્રણમાં રાખવી જોઇએ. માણસ સાવ સંવેદના વગરનો, લાગણી વગરનો કે ભાવના વિનાનો હોય તો તેને પથ્થર દિલનો કહીશું, પરંતુ જો તે અતિ સંવેદનશીલ હશે તો તેને શું કહીશું? દરેક માણસે પોતાની લાગણીઓને, સંવેદનાઓને, ભાવનાઓને કાબૂમાં રાખવી જરૂરી છે. જે લોકો પોતાની લાગણીઓ ઉપર નિયંત્રણ નથી કરી શકતાં તેમના જીવનમાં અનેક પ્રશ્નો સર્જાતા હોય છે.

ડોક્ટરો અને સાઇકોલોજિસ્ટો પણ માને છે કે અતિશય લાગણીશીલ માણસો વધારે પડતી ચિંતા કરતાં હોય છે, જેના પરિણામે આવાં લોકો હાઇ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, અનિંદ્રા, હાઇ કોલેસ્ટ્રોલ વગેરે રોગોનો ભોગ બનતાં હોય છે. જો શારીરિક બિમારીઓ ન થાય તો તેઓ માનસિક રીતે બિમાર પડી જતાં હોય છે. માનસિક કે શારીરિક રીતે બિમાર વ્યક્તિ વધારે પડતી હતાશા અનુભવે છે, પરિણામે તેને જિંદગી ખૂબ જ કષ્ટદાયક અને રસહીન લાગે છે. તેને જિંદગી જીવવામાંથી રસ ઊડી જાય છે. તેના મનમાં અનેક નેગેટિવ વિચારો સતત ચાલતાં હોય છે. આના કારણે ક્યારેક તે આપઘાટ જેવું ભયાનક પગલું ભરી બેસે છે.

એક પુરૂષ પોતાની કાર સાફ કરી રહ્યો હતો. તેવામાં તેના છ વર્ષનો દીકરો પથ્થર લઇને કારની સાઇડમાં ઘસવા લાગ્યો, જેનાથી કાર પર લિસોટા પડ્યા. પેલા પુરૂષને ખૂબ ગુસ્સો આવ્યો. ગુસ્સામાં ને ગુસ્સામાં તેણે તેના છોકરાનો હાથ પકડીને જોરથી બે-ત્રણ વાર કાર પર પછાડ્યો. પરિણામે તેનો હાથ ભાંગી ગયો અને તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. છોકરાંની બધી જ આંગણીઓમાં ફ્રેકચર થયાં હતા. છોકરાએ તેના પપ્પાને જોયાં ત્યારે દર્દભર્યા અવાજે તેણે પુછ્યું, 'પપ્પા, મારી આંગળીઓ ક્યારે સાજી થશે?!'

છોકરાની વાત સાંભળીને તે ખૂબ જ દુઃખી થયો. તે કંઇ જવાબ આપી શક્યો નહિ. તે પોતાની કાર પાસે આવ્યો તેને પોતાની જાત પર ખૂબ જ ગુસ્સો આવ્યો, તેણે કારને જોરથી બે-ત્રણ લાતો મારી. તે કારને ટેકો દઇને ઊભો હતો ત્યારે, તેની નજર તેના છોકરાએ પથ્થરથી પાડેલાં લીસોટા પર પડી, છોકરાએ કાર પર પથ્થરથી લખ્યું હતું. Love you dad - તે પોતાના દીકરાને મારવા બદલ પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. તે માણસને એટલું લાગી આવ્યું કે બીજા દિવસે તેણે આપઘાત કરી લીધો.

ગુસ્સાને અને પ્રેમને કોઇ સીમા હોતી નથી. તેને જો નિયંત્રિત કરવામાં ન આવે તો ખોટું પગલું પરાઇ જાય છે આ બંને વસ્તુને જો નિયંત્રણ કરતાં આવડે તો આપણી જિંદગી સુંદર અને અવિસ્મરણીય બની જાય, વસ્તુઓનો ઉપયોગ કરો અને માણસોને પ્રેમ કરો. પરંતુ આપણે તેમાંથી ઉલટું કરીએ છીએ. આપણે માણસોનો ઉપયોગ કરીએ છી અને વસ્તુઓને પ્રેમ કરીએ છીએ. હવેથી તમારા મનમાં સાવચેતીથી આટલી વાત યાદ રાખી લેજો.

તમે જોયું હશે, સાંભળ્યું હશે કે પેપરમાં વાંચ્યું હશે. નાની ઉંમરનાં બાળકો પણ આપઘાત કરતાં હોય છે, પરીક્ષાનાં ડરથી, પરિણામના ડરથી કે ઓછા ટકા આવવાના ડરથી કેટલાંક વિદ્યાર્થીઓ આપઘાત કરતાં હોય છે. તેના માટે સૌથી પહેલાં તો તેમના મા-પિતા જવાબદાર ગણાશે. કેમ કે કુમળી વયનાં બાળકો પર તેઓ એટલું બધું પ્રેશર ભરી લેતું હોય છે. દરેક માતા-પિતાએ પોતાના સંતાનોને ફ્રેન્ડલી અને હળવાશભર્યું વાતાવરણ પુરૂં પાડવું જોઇએ. તેમણે પોતાના સંતાનોના મનમાંથી પરીક્ષાનો કે ભણવાનો ડર કાઢી નાખવો જોઇએ. તેની સાથે મિત્રતા કેળવીને તેમને પ્રેમ અને હૂંફ પૂરી પાડવી જોઇએ. ઘણીવાર ભણવાના ભય કરતાં મા-બાપનો ભય બાળકોને મનમાં વધુ હોય છે.

જયાં જુઓ ત્યાં બધાં જ ક્ષેત્રોમાં સ્પર્ધા વધવા લાગી છે. આજના પેરેન્ટસને પણ ડર છે કે પોતાનું સંતાન ક્યાંક પાછળ રહી ગયું તો! દરેક મા-બાપને પોતાના સંતાનોને પહેલાં નંબરે લાવવું છે, જેથી કલાસમાં સ્કૂલમાં કે સમાજમાં પોતાનું નામ રોશન થાય અને પોતાનો વટ પડી જાય. ઘણા પેરેન્ટ્સ પોતાની અધૂરી ઇચ્છાઓ પોતાના સંતાનો દ્વારા પૂરી કરવા માગતા હોય છે. પોતે જે ન કરી શક્યા તે સંતાનોને કરવાની ફરજ આપડતા હોય છે.

કેટલાક લોક આપઘાત કરવો એને બહુદારી સમજે છે. પોતાની જિંદગી ટૂંકાવી દેવી, પોતે જે પોતાની જાતને ખતમ કરી દેવી તે શું બહાદુરીનું કામ કહેવાય? કઇ રીતે આપઘાત કરનારા બહાદુર લાગે છે! મને તો આવા માણસો ડરપોક, નિરાશાવાદી, નિર્બળ અને પલાયનવાદી લાગે છે. મરી જઇને જિંદગીથી પીછો છોડાવી લેવો તેને પલાયનવાદ નહીં તો બીજું શું કહીશું! ખરેખર તો મુશ્કેલીઓ સામે દુઃખો સામે, સમાજ સામે, દુનિયા સામે, સામી છાતીએ લડવાવાળી વ્યક્તિ બહાદુર હોય છે, હિંમતવાળી હોય છે.

આપઘાતના સમયની એ ક્ષણો બહુ નાજુક હોય છે એ ક્ષણોને જો સાચવી લેવામાં આવે તો તેમાંથી બચી જવાય છે. એ ક્ષણિક આવેગને સંભાળી લેવામાં આવે, તેને નિયંત્રિત કરવામાં આવે તો થોડીક વારમાં બધુ બરાબર થઇ જાય છે. તે પછી આપઘાત કરનારી વ્યક્તિ થોડાક સમય માટે શાંત થઇ જાય છે. આવા સમયે આપઘાતનો પ્રયત્ન કરનારી વ્યક્તિને જો હૂંફ અને પ્રેમ આપવામાં આવે અને તેની સાથે ચર્ચા કરીને તેના મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવામાં આવે તો તે ચોક્કસપણે એક નોર્મલ વ્યક્તિ બની જાય છે.

# માનવીની સંવેદનાને; માનવીના અજંપાને; માનવીની અકળામણને વાચા આપતી મનોજ ખંડેરીયાની ગઝલોમાં ડોકીયું

## ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

ગઝલકાર નીતિન વડગામાએ ગઝલકાર મનોજ ખંડેરીયા રચિત ગઝલોનું સંપાદન કરેલ છે. મનોજ ખંડેરીયા રચિત ગઝલોનો સંગ્રહ એક પુસ્તકરૂપે પ્રકાશિત થયેલ છે. જે ગઝલ સંગ્રહનું નામ 'કોઇ કહેતું નથી' છે જેમાં દરેક ગઝલમાં મનોજ ખંડેરીયાએ માનવીની સંવેદનાને માનવીના આંતરીક અજંપાને, માનવીની આંતરીક અકળામણને વ્યક્ત કરી છે. મનોજ ખંડેરીયા રચિત ગઝલોમાંથી કેટલીક મનપસંદ ગઝલોનો રસાસ્વાદ માણીએ.

પ્રતમ ગઝલમાં ગઝલકાર કહે છે કે -

"હવે કયાંક ખૂલ્લામાં રહેવાને ચાલો
અહિં ચોતરફ છે ઊકળતી દિવાલો"

આજના યુગનો માણસ આજે પરાયાપણાની લાગણી અનુભવતો થઇ ગયો છે. પોતાની જાતની, કુટુંબની સમાજની અંદરની અને બહારની અનેક દિવાલોમાં કેદ થઇ ગયેલો છે. આ દિવાલો વચ્ચે રહીને માનવી અકળામણ ગુંગળામણ અનુભવે છે અને ખૂદના અસ્તિત્વને ઓળખવાની ક્ષમતા ગુમાવવા લાગ્યો છે. સંજોગોરૂપી દિવાલોમાં માનવી કેદ થયેલો છે. માનવી સંજોગોનો ગુલામ બની ગયો છે. સંજોગોની દિવાલોમાં કેદ થયેલા માનવીને હવે ખુલ્લામાં જીવવાની તમન્ના જાગી છે જયાં કોઇ સંજોગોરૂપી દિવાલોનું અસ્તિત્વ જ ના હોય.

અમારા વતનનું ગામ ઝાંઝમેર એક ઘુઘવતા સમુદ્ર કિનારે વસેલું છે. કયારેક આ સમુદ્ર કિનારાની ખુલ્લી હવામાં રહેવા જવાની ઇચ્છા થઇ આવે છે. સંજોગોની કેદમાં આખી જિંદગી વિતાવ્યા પછી કયારેક આવી ખુલ્લી હવામાં જવાનું, વસવાનું, જીવવાનું મન દરેક માનવીને થાય છે. વિપરીત એવા સંજોગોની દિવાલોને ગઝલકારે ઉકળતી દિવાલો કહી છે. આ ઉકળતી દઝાડતી એવી આંતરિક અને બાહ્ય સંજોગોરૂપી દિવાલોને ભેદીને મુક્ત હવામાં માનવીને જીવવાની ઇચ્છા થાય છે.

બીજી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે

"કયાંથી જવું સવાલ મને મૂંઝવે સતત
મારી જ આસપાસનું કાંટાળી વાડ છું."

કયારેક માનવી પોતે જ પોતાની આસપાસ પોતાના વિચારોરૂપી કાંટાળી વાડ પેદા કરે છે. પોતે જ પોતાની જાતને વિચારોરૂપી દિવાલોમાં કેદ કરી નાખે છે. આ કેદમાંથી માનવીને મુક્ત થવું છે પણ પોતે જ રચેલી એી વિચારોરૂપી કાંટાળીવાડમાં કેદ થયો છે. ત્યારે કયાંથી જવું તેની વિસામણ છે. માનવીએ પોતે જ પોતાની જાતને વિચારોમાં કેદ કરવાને બદલે વ્યવહારૂ અભિગમ અપનાવીને બીજાના વિચારોને પણ સ્વીકારવા જોઇએ. પોતે જ જે કહે તે સાચું તેના બદલે બીજાના વિચારોને, મંતવ્યોને પણ મહત્ત્વ આપવું જોઇએ. નહિંતર તો લોકો આવા એકલસૂરા માણસથી દૂર ભાગવા લાગે છે.

ત્રીજી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે -

"એક તાલે ચાલે જીંદગી, જાણે પરેડમાં
શ્વાસોની આવ-જા થતી એક જ ઘરેડમાં"

આજનો માનવી પોતે જ રચેલ એક સમયપત્રકમાં કેદ થઇ ગયેલો છે. પોતાની વિચારસરણીના એક સરખા તાલમાં માનવી જીવી રહ્યો છે. આજનો માનવી એક બંધિયાર ઘરેડમાં જીવી રહ્યો છે. સવારે કયારે ઉઠવું, અને દિવસભરના વિવિધ કાર્યક્રમો, અને રાત્રીના નિંદ્રાનો સમય, કેમ બોલવું, શું ખાવું, શું ના ખાવું કોની સાથે સંબંધ રાખવો, કોની સાથે સંબંધ ના રાખવો આ બધી જ એક એવી ઘરેડમાં માનવી એક તાલે જીંદગી જીવી રહ્યો છે. જાણે કે લશ્કરના સૈનિકો એક તાલે પરેડમાં ચાલતા હોય અને એક જ ઘરેડમાં શ્વાસોચ્છવાસની પ્રક્રિયા પણ એક તાલમાં ચાલતી હોય તેમ આજનો માનવી જીવી રહ્યો છે. આ ઘરેડમાં જીવી રહેલો માનવી ખરેખર જીવંત રીતે જીંદગી જીવી રહ્યો નથી. ગઝલકાર કહે છે કે માનવીએ કયારેક આ ઘરેડમય જીંદગીની કેદમાંથી મુક્ત થઇને કુદરતના ખોળે મુકત શ્વાસે જીંદગીને જીવંત બનાવીને જીવવાનો સંદેશો ગઝલકારે આપ્યો છે.

ચોથી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે

"સપનાં ઠાંસોઠાંસ ભરેલો ફુગ્ગો માણસ
જીવવાનો આભાસ ભરેલો ફુગ્ગો માણસ"

આજનો માનવી માનવી તરીકેની ગરીમાને ભૂલી ગયો છે. આ અફાટ જગતમાં માનવીએ અનેક સંઘર્ષો વચ્ચે, અનેક વિપરીત સંજોગોની દિવાલો વચ્ચે કૃત્રિમ રીતે જીંદગી જીવવી પડે છે. માનવીના મનમાં અનેક સપનાઓ ભરેલા છે. અને આ સપનાઓનો એક ફુગ્ગો બનીને માનવી જીવી રહ્યો છે. આ સપનાઓ સાકાર થાય તેવા નથી. સપનાઓના ફુગ્ગો કયારે ફુટી જાય તે નક્કી નથી. ત્યારે આજે માનવી સપનાઓનો ફુગ્ગો રચીને કૃત્રિમ જીંદગી જીવવાનો એક આભાસ ઉભો કરે છે. બહારથી જેવો દેખાય છે. એવો વાસ્તવમાં નથી. છતાં માનવીએ એક બહારી આભાસ ઊભો કરીને પોતાના સપનાઓને મારી નાખીને સંજોગોની દિવાલો વચ્ચે જીવવું પડે છે. આ એક આજના માનવીની કરૂણતા છે.

છેલ્લી એક ગઝલ જોઇ લઇએ.

"બુકાની બંધીને ફરનારાનું આ તો છે નગર, મિત્રો!
મને ખુદને જ મળવામાં ઘણી તકલીફ પહોંચી છે."

આજનો માનવી અનેક ઔપચારિક્તાઓમાં વિંટળાયેલો જોવામાં આવે છે. નકલી આવરણોથી ઢંકાયેલો માનવી તેની અસલીયત ગુમાવી બેઠો છે. દંભ આંડબરના મહોરા લઇને ફરતાં માણસની અસલીયત પારખવી મુશ્કેલ છે. બુકાની બાંધેલો માનવી ઓળખી શકાતો નથી. આજની યુવતીઓનાં ચહેરા ઉપર બુકાની બાંધીને ફરવાની ફેશન છે. માત્ર આંખો જ દેખાય. ગઝલકાર કહે છે કે આવી રીતે દંભ અને આડંબરના નકલી ચહેરાથી જીવતો માણસ જાણે કે બુકાની બાંધેલા માનવી જેવો છે. આ દંભ અને આડંબરરૂપી બુકાનીને છોડવા જઇએ તો વારસોના વરસ લાગે અને આવી રીતે દંભ અને આડંબર વચ્ચે જીવતા માણસને પોતાની ઓળખ કરવી પણ મુશ્કેલ બને તેવો આજના માનવીનો આડંબર યુક્ત વ્યવહાર છે. માણસની અસલીયત પારખવી મુશ્કેલ છે. બહરાથી જે રીતે વાણી-વર્તન-વ્યવહાર કરે છે તે બધુ નકલી હોય છે. આજના સમાજની આ ખાસિયતને વ્યક્ત કરતી ગઝલ દ્વારા ગઝલકાર સંદેશો આપવા માંગે છે કે આવા એક બુકાનીધારી સમાજમાં માણસો પોતે પણ બુકાની બાંધીને સમાજ સાથે કદમ મિલાવીને ચાલવું પડે છે એ એક માનવીની પોતાની કરૂણતા, અકળામણ, ગુંગળામણ વ્યક્ત કરે છે.